PROશ્રી

વંચાણે લીધા : પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૪/૨૦૧૮, તા.૨૨/૦૪/૨૦૧૮

## જાહેરનામું

### પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૭૫ /૨૦૧૮, તા.૧૮ / ૫ /૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુપ્તાનગરની અંદર ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૩૧/૧/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો એક માર્ગીય અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુપ્તાનગરની અંદર આવેલ ચિરાગ પ્રાથમિક શાળા **(અક્ષાંશ-૨૨.૯૯૫૫૬૪૬, રેખાંશ-૭૨.૫૩૮૦૧૭૮)** પાસેથી પીલ્લર નંબર ૩૭,૩૮,૩૯ (૧,૨,૩) નું કામ શરુ કરવામાં આવનાર હોવાથી સદરહું રોડ ખાતે ૯-મીટર જેટલુ બેરીકેડીગ કરી રસ્તો વન-વે કરનાર છે. એટલે કે વાહનો ગુપ્તાનગરની અંદરના ભાગે આવેલ સોલીટેર બીલ્ડીંગથી એ.પી.એમ.સી. ટોલનાકા **(અક્ષાંશ-૨૨.૯૯૬૪૬૫૮, રેખાંશ-૭૨.૫૩૭૯૧૦૪)** તરફ આવી શકાશે પરંતુ એ.પી.એમ.સી. ટોલનાંકા તરફથી ગુપ્તાનગરની અંદરના ભાગ તરફ જઇ શકાશે નહી.

**વૈકલ્પિક રૂટ :** એ.પી.એમ.સી. ટોલનાકા તરફથી ગુપ્તાનગરની અંદરના ભાગે (સહજ સોલીટેર બીલ્ડીંગ) તરફ જવા માટે એ.પી.એમ.સી. ચાર રસ્તાથી સીધા વિશાલા ચાર રસ્તાથી ડાબી તરફ વળી વિશાલા હોટલ થી આગળ જતા સીટીગેટની નવી બનનાર બીલ્ડીંગથી ડાબી તરફ વળી સીધા આગળની તરફ જતા સહજ સોલીટેર ચાર રસ્તાથી ડાબી તરફ વળી ગુપ્તાનગર તરફ જઇ શકાશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૩૧/૧/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮/૫/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૮ /૫ /૨૦૧૮
અમદાવાદ શહેર

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા